**<u>મહેરબાન બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ભુજ</u>**

**ફો.કા.નં.૧૯૩૧/૨૦૨૬**

**શ્રી સરકાર ........... ફરિયાદી**

**વિરુધ્ધ**

**વેલજી જખુ કોલી .......... આરોપી**

**ગુન્હો :- <u>પ્રોહી એકટ કલમ ૬૬(૧) (બી) મુજબ</u>**

**-: ચુ કા દો :-**

આ કામના આરોપી આજરોજ અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દુષ્ટી રાખવા અરજ ગુજારેલ છે નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૮૧૯ પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીશચંદજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબ નો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આરોપીને પ્રોહી.એકટ ૬૬(૧)(બી) ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા)**નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: ૧૧/૦૭/૨૦૨૬
ભુજ-કચ્છ.

(જયોતિ વિરાટભાઇ બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ-કચ્છ.
જી.જે.૦૧૧૭૯